# શ્રી ઠાકોરજીમહારાજ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા

૧ ફેબ્રુઆરી, વસંત પંચમીનો પાવન દિન ! આ દિવસે સૌ જેની પૂજા કરે છે તે મા દેવી સરસ્વતી પણ પોતાની દિવ્ય કલમે અપૂર્વ ઈતિહાસ લખવા જઈ રહ્યાં હતાં ! આ ગાથા હતી અમદાવાદમાં ભક્તોની ભક્તિને પરિણામે સાકાર થયેલ નવનિર્મિત મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન કાજે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ અને તેના સાકારકર્તા પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજીના મહિમાની !



સંતભગવંત સાહેબજી, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી તથા પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજી દ્વારા અનુક્રમે પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદસ્વામી, અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદસ્વામી તથા મહામુક્ત શ્રી ગોપાળાનંદસ્વામીની પ્રાણપ્રતિષ્ઠા



**વહેલી** સવારે ભક્ત મહેરામણ મંદિરના મુખ્ય હૉલમાં અને સભામંડપમાં એકત્ર થઈ ગયો. સ્થાનિક ભક્તોએ વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર અને દૂર રહેનાર મુક્તોએ ઈન્ટરનેટના માધ્યમ દ્વારા લાઈવ વૅબ ટૅલિકાસ્ટ નિહાળી ધન્યતા અનુભવી. યુવા સેવકો દ્વારા ટૅકનોલૉજીના આવા શ્રેષ્ઠ ઉપયોગ કરી ભક્તિ સુખ અપાવવા બદલ સૌએ તેમને ધન્યવાદ પાઠવ્યા !

આ પ્રસંગે મંદિરમાં સંતભગવંત સાહેબજી સાથે પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી (હરિધામ, સોખડા), પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજી, પ.પૂ. ભાગવતઋષિજી, પ.પૂ. દિનકરભાઈ, સદ્‌ગુરુ સંતો અને વડીલ ભક્તો ઉપસ્થિત હતા. ડૉ. મનોજભાઈ સોની અને આચાર્ય ગણ પ્રતિષ્ઠાવિધિ કરાવતા હતા. શ્લોકો અને મંત્રોનાં ગાન, સંગીતનો સાથ અને ભક્તોની પ્રાર્થના વાતાવરણમાં અનેરી દિવ્યતા રેલાવતાં હતાં ! તેવામાં જ પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજીએ દ્વાર પટલ ઉઘાડી અતિ મનોહર નયનરમ્ય પ્રભુજીની મૂર્તિઓનાં પ્રથમ દર્શન કરાવ્યાં અને છડી પોકારાઈ ! રોમરોમ સહજાનંદથી સભર બન્યું અને બ્રહ્માનંદની લહેર છવાઈ ગઈ ! 'મુખડાની છબી રે, ચંદ્ર સમાન, કરે જોતામાં ગુલતાન, આંખલડી રે જાણે પદમનું પાન, આજ બિરાજ્યા કૃપાનિધાન !' સૌના હૈયે આ પંક્તિઓ રમવા લાગી અને સર્વત્ર આનંદ છલકાયો !

યજમાનોનાં પૂજન અને કંકણસૂત્ર બંધન થયાં. પ્રાણપ્રતિષ્ઠા વિધિ માટે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામી સન્મુખ સંતભગવંત સાહેબજી, અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામીજી સન્મુખ પ.પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી, અનાદિ મહામુક્ત ગોપાળાનંદસ્વામીજી સન્મુખ પ.પૂ. અધ્યાત્માનંદસ્વામીજી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ સન્મુખ પૂ. અશ્વિનદાદા, બ્રહ્મસ્વરૂપ જાગાસ્વામી સન્મુખ પૂ. ભાગવતઋષિજી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજીમહારાજ સન્મુખ પૂ. દિનકરભાઈ, બ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજ સન્મુખ પૂ. રતિકાકા, શ્રી ગણપતિજી સન્મુખ પૂ. રજનીભાઈ, શ્રી હનુમાનજી સન્મુખ પૂ. પૂનમભાઈ પધાર્યા અને પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરી !

બીજ મંત્રોચ્ચાર સાથે સૌએ જમણા હાથના અંગૂઠા વડે મૂર્તિઓના ભાલમાં અને ત્યારબાદ હૃદયકમળમાં સ્પર્શ કર્યો ! જમણા હાથની હથેળીનો પૂર્ણપણે હૃદયકમળને સ્પર્શ કરાવી મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓમાં પ્રગટ સ્વરૂપોએ પ્રાણ પૂર્યો ! વાતાવરણમાં દિવ્ય સ્પંદનો અનુભવાયાં ! ચર-અચર સૌમાં પ્રભુ વ્યાપ્ત છે તેમ જ સંતો-મુકતો સ્વરૂપે પણ ભગવાન પ્રાપ્ત થયા છે તે ભાવથી સૌની સેવા અને દર્શન થાય તે પ્રાર્થનાઓ કરી ! પ્રભુના પ્રગટ વિચરતા સ્વરૂપ સંતભગવંત સાહેબજી અર્થે જીવન અને મન અર્પણ થાય તે યાચનાઓ ધરી ! ડૉ. મનોજભાઈ સોનીએ સઘળી વિધિ અદ્‌ભુત ભક્તિભાવે સંપન્ન કરાવી ! મૂર્તિઓની પ્રદક્ષિણા કરી સૌ યજમાન સ્વરૂપોએ સ્વસ્થાન ગ્રહણ કર્યું !

દ્વાર પટલ ફરીથી બંધ થયા અને શ્રી ઠાકોરજીના શણગાર આરંભાયા ! તે દરમિયાન 'શિક્ષાપત્રી' જયંતી, ગુરુહરિ શાસ્ત્રીજીમહારાજ જયંતી નિમિત્તે માહાત્મ્ય સરવાણી વહી. મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા અને પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજીનાં માહાત્મ્યની મનનીય વાતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજીએ કરી.

'સૌને સુખી કરવાના ભગવાન શ્રી સ્વામિનારાયણના વરદાનને સાકાર કરવા મંદિર, મૂર્તિ, સત્‌શાસ્ત્રો અને ગુણાતીત સાધુ અનિવાર્ય છે. એવા સાધુમાં જીવ જોડવાની ઉપાસના સૌએ કરવાની છે. ભગવાન, ગુરુ અને માતા-પિતાનું સ્થાન હૃદયમાં સૌથી ઊંચું રાખવું. દાસભાવે જ જીવવું અને સૌમાં પ્રભુનાં દર્શન કરવાં. આ મંદિર આપણને રોજ આ વાતની સ્મૃતિ કરાવશે. મંદિર નાનું છે પણ ઘણાં મોટાં કામ અહીંથી પ્રભુ દ્વારા થશે !' આવા રૂડા આશીર્વાદ પ્રદાન કરી સંતભગવંત સાહેબજીએ સૌને ધન્ય કર્યાં !

રિમોટ દ્વારા સંતભગવંત સાહેબજીએ પડદો ઉઘાડ્યો અને અતિ દિવ્ય મનોહર નયનરમ્ય મૂર્તિઓનાં દર્શન કરાવ્યાં ! સૌના હસ્ત ઊંચા ઊઠ્યા, જયકાર થયો અને ધૂન બોલાવાઈ ! પૂજન થયાં અને પુષ્પાંજલિ અર્પણ થઈ. શ્રી ઠાકોરજીની પ્રતિષ્ઠાની પ્રથમ આરતી સંતભગવંત સાહેબજી અને સંતોએ અર્પણ કરી ! ત્યારબાદ સંત બહેનો સાથે સૌ વડીલ બહેનોએ આરતી અર્પણ કરી.



સંતભગવંત સાહેબજી તથા દિવ્ય સંતો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા સંકલ્પ



સંતભગવંત સાહેબજી તથા સંતો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા વિધિ



સંતભગવંત સાહેબજી તથા સંતો દ્વારા આદર્શ નિવેદનમ્



શ્રીજીમહારાજના હૃદયસ્થાને સંતભગવંત સાહેબજીના અંગૂષ્ઠ સ્પર્શ



મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા : પૂ. અશ્વિનદાદા, પૂ. ભાગવત ઋષિજી



મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા : પૂ. દિનકરભાઈ, પૂ. રતિકાકા



મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા : પૂ. રજનીભાઈ



મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા : પૂ. પૂનમભાઈ



આશીર્વચન : પૂ. પ્રેમસ્વરૂપસ્વામીજી



આશીર્વચન : પૂ. અશ્વિનદાદા



આશીર્વચન : પૂ. શાંતિદાદા



કૃપાશિષવર્ષા : સંતભગવંત સાહેબજી



પ્રાણપ્રતિષ્ઠા પશ્ચાત્
સંતભગવંત સાહેબજી દ્વારા
શ્રી ઠાકોરજીમહારાજને કુમકુમ-ચંદનઅર્ચન